# જીએસટી કાયદા અન્વયે એકંદર ટર્નઓવર

**ભરત એલ.શેઠ**
ટેક્ષ એડવોકેટ
ભાવનગર
IPP-AGFTC



## પ્રાસ્તાવિક

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૧૦-પતાવટ વેરા બાબત, કલમ ૨૨-રજીસ્ટ્રેશન માટે હકકદાર વ્યક્તિ તથા કલમ ૩૫(૫) ના અનુસંધાને ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ ના નિયમ ૮૦(૩) માં એકંદર ટર્નઓવરનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. કલમ ૩૫(૫) માં ટર્નઓવરનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ માં ટર્નઓવરની વ્યાખ્યા કરવામાં આવેલ નથી. પરંતુ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૧૧૨) માં રાજયમાંનું ટર્ન ઓવરની વ્યાખ્યા કરવામાં આવેલ છે તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ કલમ ૨(૧૧૨) માં રાજયમાંનું ટર્ન ઓવર અથવા સંઘરાજયક્ષેત્રમાંનું ટર્નઓવરની વ્યાખ્યા કરવામાં આવેલ છે. આમ પતાવટ વેરાની પરવાનગી બાબત અરજી કરતા પહેલા, નોંધણીનંબર મેળવવાની જવાબદારી નકકી કરતાં પહેલા તથા હિસાબો ઓડીટ કરાવવાની જવાબદારી આવે છે કે કેમ તે નકકી કરવા માટે એકંદર ટર્નઓવર (Aggregate Turnover) ની વ્યાખ્યા સમજવી જરૂરી છે.

## એકંદર ટર્નઓવર (Aggregate Turnover)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૬) તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૬) માં એકંદર ટર્નઓવર (Aggregate Turnover) ની વ્યાખ્યા આપેલ છે. જે નીચે મુજબ છે.

કલમ ૨(૬) એકંદર ટર્નઓવર (Aggregate Turnover) એટલે (કોઈ વ્યક્તિ ધ્વારા જેના પર વિપરીત ચાર્જ (reverse charge) ને આધારે વેરો ભરવાપાત્ર થતો હોય તેવા આવક પુરવઠા (inward supplies) નું મુલ્ય બાદ કરતા) તમામ વેરાપાત્ર પુરવઠાનું, મુક્તિ આપેલો પુરવઠા (Exempt Supplies) નું માલ અથવા સેવા અથવા તે બંનેના નિકાસ નું અને સરખા કાયમી ખાતા નંબર ધરાવતી વ્યક્તિઓના રાજયની અંદરના પુરવઠાનું, અખિલ ભારતીય ધોરણે ગણતરી કરવાનું એકંદર મુલ્ય, પણ તેમાં કેન્દ્રીય વેરા, રાજય વેરા, સંઘરાજયક્ષેત્ર વેરા અને ઉપકરનો સમાવેશ થતો નથી.

આ વ્યાખ્યાને વધુ સારી રીતે સમજવા માટે તેનું અંગ્રેજી વર્ઝન નીચે મુજબ છે.

એકંદર ટર્નઓવર (Aggregate Turnover) ની વ્યાખ્યાને સમજવા માટે અન્ય વ્યાખ્યા સમજવી જરૂરી છે.

## રાજયમાંનું ટર્નઓવર

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૧૧૨) રાજયમાંનું ટર્નઓવર એટલે કોઈ વેરાપાત્ર વ્યક્તિ ધ્વારા રાજયમાં કરવામાં આવેલા (કોઈ વ્યક્તિ ધ્વારા જેના પર વિપરીત ચાર્જના આધારે વેરો ચુક્વવાપાત્ર થતો હોય તેવા આવક પુરવઠાના મુલ્ય બાદ કરતા) તમામ વેરાપાત્ર પુરવઠાનું, મુક્તિ આપેલા પુરવઠાનું, સદરહુ વેરાપાત્ર વ્યક્તિ ધ્વારા રાજયમાંથી માલ અથવા સેવા અથવા તે બંનેના કરવામાં આવતા નિકાસ અને માલ અથવા સેવા અથવા તે બંનેના આંતરરાજયની પુરવઠાનું એકંદર મુલ્ય, પણ તેમાં કેન્દ્રીય વેરા, રાજય વેરા, સંઘરાજયક્ષેત્ર વેરા અને ઉપકરનો સમાવેશ થતો નથી.

આ વ્યાખ્યાને વધુ સારી રીતે સમજવા માટે તેનું અંગ્રેજી વર્ઝન નીચે મુજબ છે.

## વેરાપાત્ર પુરવઠા (Taxable Supply)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૧૦૮) તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૧૦૮) માં વેરાપાત્ર પુરવઠો (Taxable Supply) ની વ્યાખ્યા આપેલ છે. જે નીચે મુજબ છે.

**કલમ ૨(૧૦૮) વેરાપાત્ર પુરવઠો** એટલે આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તેવો માલ અથવા સેવા અથવા તે બન્નેનો પુરવઠો.

આ વ્યાખ્યાને વધુ સારી રીતે સમજવા માટે તેનું અંગ્રેજી વર્ઝન નીચે મુજબ છે.

## મુક્તિ આપેલો પુરવઠો (Exempt Supply)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૪૭) તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૪૭) માં મુક્તિ આપેલો પુરવઠો (Exempt Supply) ની વ્યાખ્યા આપેલ છે. જે નીચે મુજબ છે.

કલમ ૨(૪૭) મુક્તિ આપેલો પુરવઠો (Exempt Supply) એટલે જેનો વેરાનો દર શુન્ય હોય અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧ અથવા ૬ હેઠળ જેને સંપૂણત મુક્તિ આપી શકાય તેવા કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો અને તેમાં બિન વેરાપાત્ર પુરવઠાનો સમાવેશ થાય છે.

આ વ્યાખ્યાને વધુ સારી રીતે સમજવા માટે તેનું અંગ્રેજી વર્ઝન નીચે મુજબ છે.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ,

૨૦૧૭ તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ માં જેનો વેરાનો દર શુન્ય હોય (which attracts nil rate of tax) ની વ્યાખ્યા કરવામાં આવેલ નથી.

માલ અને સેવા વેરા અધિનિયમમાં મુક્તિ આપેલો પુરવઠો (Exempt Supply) જેનો વેરાનો દર શુન્ય હોય (which attracts nil rate of tax) તથા બિન વેરાપાત્ર પુરવઠો (Non-taxable Supply) અંગે ઘણી અસંમજસતા રહેલી છે.

## બિન વેરાપાત્ર પુરવઠો (Non-taxable Supply)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૭૮) તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૨(૭૮) માં બિન વેરાપાત્ર પુરવઠો (Non-taxable Supply) ની વ્યાખ્યા આપેલ છે. જે નીચે મુજબ છે.

કલમ ૨(૪૭) બિન વેરાપાત્ર પુરવઠો (Non-taxable Supply) એટલે આ અધિનિયમ હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ હેઠળ વેરાને પાત્ર ન હોય તેવા કોઈ માલ અથવા સેવા અથવા તે બંનેનો પુરવઠો.

આ વ્યાખ્યાને વધુ સારી રીતે સમજવા માટે તેનું અંગ્રેજી વર્ઝન નીચે મુજબ છે.

## શુન્ય દર વાળો પુરવઠો (Zero-rated supply)

સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ના પ્રકરણ ૭માં કલમ ૧૬(૧)માં જણાવ્યા મુજબ શુન્ય દર વાળો પુરવઠો (Zero-rated supply) એટલે માલ અથવા સેવા અથવા બંનેની નિકાસ અથવા સ્પેશિયલ ઈકોનોમીક ઝોનના ડેવલપર કે સ્પેશિયલ ઈકોનોમીક ઝોનના યુનિટ ને માલ અથવા સેવા અથવા બંનેની કરેલ સપ્લાઈ.

કલમ ૧૬(૨) માં જણાવ્યા મુજબ શુન્ય દર વાળો પુરવઠો (Zero-rated supply) ને મુક્તિ આપેલો પુરવઠો (Exempt Supply) ગણવામાં આવતો હોવા છતાં, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૧૭(૫) તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૧૭(૫) ની જોગવાઈને ધ્યાનમાં રાખીને વેરાશાખ મળવાપાત્ર રહેશે.

## સમાપન

એકંદર ટર્નઓવરમાં વેરાપાત્ર પુરવઠા ઉપરાંત તમામ બિન વેરાપાત્ર અને વેરામુક્ત પુરવઠાનો સમાવેશ થતો હોઈ, નોંધણીનંબર મેળવવાની જવાબદારી નક્કી કરતા સમયે ખાસ તકેદારી લેવી જરુરી છે. તેવીજ રીતે પતાવટ વેરા અંગે અરજી કરતાં પહેલા તથા હિસાબો ઓડીટને પાત્ર થાય કે કેમ તે નક્કી કરતા સમયે પણ ખાસ તકેદારી લેવી જરુરી છે.